Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# “માધ્યમિક કક્ષાએ કન્યા વિદ્યાર્થીઓને શાળા છોડવાના કારણો”

**Chavada Daxa Rambhai**

B. A., M.A., GSET, Ph.D. (Scholar)

Shri Govind Guru University

Godhra

- **સારાંશ: -**

નારી અભ્યાસોના ત્રણ પાસા સંશોધન, શિક્ષણ અને ક્રિયાત્મક છે. સ્ત્રી અને તેની જીવન પરિસ્થિતિનો સમીક્ષાત્મક અભ્યાસ કરી આવા અભ્યાસોને શિક્ષણમાં સ્થાન આપવું તથા તેના દ્વારા તેની પરિસ્થિતિ પ્રત્યે સમાનતા, અને સંવેદનશીલતા જાગૃત કરવી તેમ સ્ત્રીના દરજ્જામાં સમાનતા અને સ્વતંત્રતા સૂચક પરિવર્તનો લાવવા માટેના કાર્યક્રમો રજૂ કરવા અને જન સમાજમાં સામાજિક જાગૃતિ લાવવા તે નારી અભ્યાસો પાછળનો મુખ્ય ઉદ્દેશ્ય છે. શિક્ષણથી જ માનવજીવનની ગુણવત્તા અને જાણી શકાય છે. તેનો વૈશ્વિક કક્ષાએ સ્વીકાર થયો છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે જૈવિક ભિન્નતાથી સાથે સામાજિક - સાંસ્કૃતિક દ્રષ્ટિકોણથી સ્ત્રીઓનું ઉછેર અને અપેક્ષાઓ અલગ હોવાથી એક જ કુટુંબમાં બે સભ્યોનો વિકાસ પંથ જુદો રહે છે. ભારતીય સમાજમાં સ્ત્રીઓને જુદી જુદી ઘણી સમસ્યાઓ પ્રવર્તમાન છે. તેમાંથી એક મુખ્ય સમસ્યા છે, સ્ત્રી શિક્ષણની જેમના કારણે આજે અનેક સામાજિક, આર્થિક, શૈક્ષણિક, અને કૌટુંબિક પરિબળો વિશેષ અસર કરતા હોય છે. જેમ કે પરંપરાગત મૂલ્યો, નાની વયે લગ્ન, કૌટુંબિક અને સામાજિક અપેક્ષાઓ, સમાજની ઉદાસીનતા, સ્ત્રી શિક્ષણની ઓછી સામાજિક ગતિશીલતા, શિક્ષણની ઓછી તકો, નબળી આર્થિક સ્થિતિ, ગ્રામીણ અને સામાજિક રૂઢિચૂસ્ત માળખું વગેરે અસર કરે છે.

- **ચાવીરૂપ શબ્દ**

## શિક્ષણ

“ઔપચારિક અથવા અનૌપચારિક રીતે નવી પેઢીમાં થતું જ્ઞાનનું પ્રસારણ” મોટેભાગે શિક્ષણને ઔપચારિક વ્યવસ્થાના સ્વરૂપમાં જોવામાં આવે છે. શાળા-કોલેજોમાં વ્યવસ્થાતંત્ર તરીકે તેમા અપાતી શિક્ષાનો એક પ્રક્રિયા તરીકે તથા શિક્ષણના પરિણામોનો કાર્ય તરીકે અભ્યાસ કરવામાં આવે છે. શિક્ષણ એ વ્યાપક સમાજવ્યવસ્થાનો એક

ભાગ હોવાથી શિક્ષણવ્યવસ્થાના પોતાના આંતરસંબંધો તથા શિક્ષણની શિક્ષણેત્તર વ્યવસ્થાઓ સાથેના સંબંધો શિક્ષણના સમાજશાસ્ત્રનું અભ્યાસ ક્ષેત્ર બને છે.

- **પ્રસ્તાવના: -**

ગુજરાતમાં ધોરણ ૧ થી ૮ વિદ્યાર્થીનો ડ્રોપ આઉટ રેશિયો ૩૭.૨૨ ટકા હતો જે ૨૦૨૦-૨૧ માં લગભગ ૧૦ ગણો ઘટીને ૩.૩૯ ટકા થઈ ગયો છે. દેશનું ધોરણ 6 થી 8 નો જી.ઈ. આર ગ્રોસ એનરોલમેન્ટ રેશિયો ૯૦.૯ છે એટલે કે પહેલા ધોરણમાં દાખલ થયેલા બધા બાળકો પાંચમા ધોરણ સુધી જ બરાબર ટકે છે તે પછી તેઓનું શાળા છોડવાનું શરૂ થાય છે ધોરણ ૧ થી ૫ માં 100 ટકા બાળકો ધોરણ ૬ થી ૮ માં ઘટીને ઉપર ૯ % ધોરણ ૯ થી ૧૦ માં ૭૯.૩ % અને ધોરણ ૧૧ થી ૧૨ માં ૫૬.૫ ટકા થઈ જાય છે.

૬ થી ૧૭ વર્ષનો સ્કૂલ ડ્રોપઆઉટ રેશિયો વિદ્યાર્થીઓની સંખ્યા દેશમાં ૩.૨૨ કરોડ છે ૨૦૨૨-૨૧ માં પ્રાથમિક શિક્ષણનું નેશનલ ડ્રોપ આઉટ રેશિયો ૦.૮ ટકા છે પણ માધ્યમિક શિક્ષણનો ૧૪.૬ ટકા છે. શાળા છોડી જતા બાળકોની આ વાસ્તવિકતા અંગે ભારત સરકાર જાગૃત થઈ છે ખાસ કરીને પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ શાળા છોડીને જતા બાળકોને ફી શાળામાં દાખલ કરવાના પ્રયત્નો હાથ ધર્યા છે. દેશભરમાં સ્કૂલ ડ્રોપઆઉટનો સર્વે અને વિધ્યાર્થીઓને શાળામાં દાખલ કરવા માટે આર્થિક સહાયથી માંડીને શિક્ષણ સંસાધનો પુરા પાડવાની દિશામાં સરકાર ગંભીર બની છે.

- **અભ્યાસનું ક્ષેત્ર: -**

પ્રસ્તુત અભ્યાસ ગુજરાત રાજ્યના સૌરાષ્ટ્ર પ્રદેશ (વિસ્તાર)ના સંદર્ભમાં કરવામાં આવેલ છે. સૌરાષ્ટ્રમાં કૂલ ૧૧ જિલ્લાઓ આવેલા છે. તેમાંથી ૧ જિલ્લાને (દેવભૂમિ દ્વારકા) પસંદ કરવામાં આવેલ છે. પ્રસ્તુત અભ્યાસનું ક્ષેત્ર આ

એક જિલ્લા પૂરતું મર્યાદિત છે.

અભ્યાસના હેતુઓ:

**પ્રસ્તુત સંશોધન અભ્યાસના હેતુઓ નીચે પ્રમાણે છે**

1. ગ્રામીણ વિસ્તારમાં સ્ત્રી વિદ્યાર્થીનીઓને ઉચ્ચ શિક્ષણ મેળવવામાં નડતરરૂપ પરિબળો જાણવાનો હેતુ.
2. ગ્રામીણ વિસ્તારમાં બાળકોના શિક્ષણ પ્રત્યે માતા પિતાના અભિપ્રાય અને વલણો જાણવાનો હેતુ
3. દીકરીઓને શિક્ષણમાં ડ્રોપઆઉટ થવાના કારણો શું છે? તે જાણવાનો હેતુ.
4. ઉચ્ચ શિક્ષણના પરિણામે વિદ્યાર્થીનીઓમાં આવેલ સામાજિક પરિવર્તન તપાસવું.

- **અભ્યાસની ઉપકલ્પના: -**
  - ઉચ્ચ શિક્ષણમાં કુમારો કરતા કન્યાઓની સંખ્યા ઓછી છે.
- **માહિતી એકત્રીકરણ ની પદ્ધતિઓ અને પ્રયુક્તિઓ: -**

પ્રસ્તુત અભ્યાસમાં માધ્યમિક કક્ષાએ કન્યા વિદ્યાર્થીઓને શાળા છોડવાના કારણો સમાજશાસ્ત્રનાં નારીવાદી પરિપેક્ષ્યથી અભ્યાસ કરવામાં આવ્યો છે. સંશોધનમાં માહિતી એકત્ર કરવા માટે મહિલા કન્યાઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ પ્રશ્નાવલી દ્વારા પ્રાથમિક માહિતી તેમજ ગૌણ માહિતી ગ્રંથાલય પદ્ધતિ કે દસ્તાવેજી પદ્ધતિ દ્વારા લાઈબ્રેરીના પુસ્તકો, લેખો, સરકારી અહેવાલો, તાલુકા કચેરીની યાદીઓ, પીએચ.ડી. અને એમ કીલ કક્ષાના અભ્યાસો, દસ્તાવેજો, સમાચારપત્રો વગેરે દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. અભ્યાસ ક્ષેત્રને લક્ષ્યમાં રાખીને વર્ણનાત્મક સ્વરૂપે સંશોધન રજૂ કરવામાં આવ્યુ છે.

Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

- **નિદર્શનની પસંદગી: -**

ગુડે અને હન્ટના જણાવ્યા પ્રમાણે, “નિદર્શ એ સમષ્ટિનું પ્રતિનિધિત્વ ધરાવતો નાનો નમૂનો છે.” અને નિદર્શ પસંદ કરવાની પદ્ધતિને નિદર્શન કહેવાય. પ્રસ્તુત અભ્યાસમાં વિષય સંબંધિત બધાજ એકમોનો અભ્યાસ કરવામાં ન આવતા કેટલાક એકમોની પસંદગી કરવામાં આવશે, જે સમગ્રતાનું પ્રતિનિધિત્વ કરતા હોય.

પ્રસ્તુત સંશોધનમાં સમગ્રનું પ્રતિનિધિત્વ જળવાઈ રહે તે રીતે કૂલ સમષ્ટિ એટલે કે દેવભૂમિ દ્વારકા જિલ્લો. આ જિલ્લામાં કુલ ૪ તાલુકાઓ આવેલ છે. જેમાંથી ૧ તાલુકો કલ્યાણપુર પસંદ કરવામાં આવેલ છે. તાલુકામાંથી ૫ સ્કુલની પસંદગી હેતુપૂર્વક બિનયદચ્છ નિદર્શનના આધારે કરવામાં આવેલ છે. જેમાંથી પ્રત્યેક સ્કુલમાંથી ૧૫-૧૫ ઉત્તરદાતાની પસંદગી હેતુપૂર્વક બિનયદચ્છ નિદર્શનના આધારે કરવામાં આવશે. એક તાલુકામાંથી કુલ ૭૫ ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવશે. આમ, પ્રસ્તુત અભ્યાસમાં કુલ= ૭૫ ઉત્તરદાતાની પસંદગી કરવામાં આવશે.

- **સંદર્ભ સાહિત્યની સમીક્ષા: -**

**૧) કારકાણી ધર્મિષ્ઠા ઉચ્ચ શિક્ષણની વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તન - એક - સમાજશાસ્ત્રીય અભ્યાસ – ગુજરાત યુનિ. અમદાવાદ -૨૦૧૬ -**

પ્રસ્તુત અભ્યાસ ડૉ, ચંદ્રિકાબેન રાવલના માર્ગદર્શક હેઠળ કરેલ પીએચ.ડી. મહાશોધ નિબંધ છે. જેમાં ઉચ્ચ શિક્ષણ માટેની વિદ્યાર્થીનીઓમાં પ્રેરણા, વ્યવસાયિક આકાંક્ષા, સામાજિક પરિવર્તન અને સ્ત્રી સશક્તિકરણ વચ્ચેનો સંબંધ તપાસવામાં આવ્યો છે. સંશોધકે પ્રસ્તુત અભ્યાસમાં ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન અમદાવાદની વિનિયન, વાણિજ્ય, શિક્ષણ અને પ્રોફેશનલની ચાર ચાર એટલે કુલ ૧૬ કોલેજને સ્તરીત યદચ્છ નિદર્શન તરીકે પસંદગી

કરવામાં આવી છે. આ ચારેય વિદ્યાશાખાની કુલ ૪૦૦ વિદ્યાર્થીનીઓને અભ્યાસનું એકમ બનાવ્યું છે.

**૨) રમેશ મકવાણા – એકવીસમી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકા - પાર્શ્વ પબ્લિકેશન - ૨૦૧૩**

સમાજજીવનના વિવિધ ક્ષેત્રો જેવા કે રાજકીય ક્ષેત્ર, આર્થિક ક્ષેત્ર, કાયદાકીય ક્ષેત્ર, શિક્ષણ ક્ષેત્ર, વગેરે ક્ષેત્રોમાં ઔપચારિક રીતે સ્ત્રીઓને જે હક્કો અધિકારો છે તે સ્ત્રીઓનું સ્થાન અને ભૂમિકા સૂચવે છે. ૨૧મી સદીમાં વિવિધ ક્ષેત્રોમા મહિલાઓનું સ્થાન અને ભૂમિકાની વાસ્તવિક સ્થિતિ શું છે? તેમજ સ્ત્રીઓના સ્થાન સુધારણા સંદર્ભે થયેલી વાસ્તવિક સ્થિતિ શું છે? તેમજ સ્ત્રીઓના સ્થાન સુધારણા સંદર્ભે થયેલી ચળવળો પર દ્રષ્ટિપાત, સમાજના વિવિધ ક્ષેત્રોમા પ્રભાવશાળી ભૂમિકા ભજવી નોબેલ પરીતોષિત મેળવનાર મહિલાઓની પ્રવૃત્તિ અને કાર્યોની વિસ્તૃત છણાવટ તથા તેની સાથે સંકળાયેલા વિવિધ પાસાઓનું એવું વસ્તુલક્ષી એવું પદ્ધતિસરનું સમાજશાસ્ત્રીય પૃથ્થકરણ પ્રસ્તુત પુસ્તકમાં રજુ કરવાનો પ્રયાસ કરેલ છે.

- **સ્ત્રી શિક્ષણના અવરોધક પરિબળો**

  ૧)પરંપરાગત મૂલ્ય પદ્ધતિ

  ૨) ઘરથી શાળાનું અંતર

  ૩) શિક્ષણની પદ્ધતિ

  ૪) નાની વયે લગ્ન

  ૫) જડ સમયપત્રક

  ૬) પાઠ્યપુસ્તકો

૭) કૌટુંબિક અને સામાજીક અપેક્ષાઓ

૮) સ્ત્રી શિક્ષિકાનો અભાવ

૯) અભ્યાસક્રમ

૧૦) સમાજની ઉદાસીનતા

૧૧) અપૂરતી સુવિધાઓ

૧૨) પરીક્ષા પદ્ધતિ

૧૩)સ્ત્રીશિક્ષણની ઓછી સામાજીક સ્વીકૃતિ

૧૪) શિક્ષણની તકો ઉપલબ્ધિનો ઊંચો ખર્ચ

૧૫) ગ્રામીણ સામાજીક માળખું

- **અભ્યાસના તારણો: -**

1. દિકરીઓના અમુક ધોરણ સુધી અભ્યાસની મર્યાદા તપાસતા જાણ થઈ કે કુટુંબો એ દિકરીઓને ૧૨ ધોરણ સુધીનો અભ્યાસ સીમિત રાખ્યો છે. તેમના પાછળનું કારણ જાણતા સમજાય છે કે તે કુટુંબમાં ભાઈ બહેનની સંખ્યા વધુ હતી. આ ઉપરાંત અહીં ભાઈના અભ્યાસ માટેનો ખર્ચ અને પોતાના અભ્યાસનો ખર્ચ બહુ વધુ હતો. આથી જ કુટુંબો દ્વારા દિકરીઓને ૧૨ ધોરણ સુધી જ અભ્યાસ કરાવ્યો. ઘણી વખત મોટી બહેનના લગ્ન બાદ ઘરની જવાબદારીના લીધે દીકરીઓને અભ્યાસ છોડવો પડયો છે.

2. કુટુંબમાંથી દિકરીઓને તરુણ અવસ્થામાં અભ્યાસ પ્રત્યેના અણગમાને લીધે ઉત્તરદાતાઓએ પોતાનો અભ્યાસ છોડી દીધો જેના પાછળનું કારણ એ હતું કે ગામમાં આગળ અભ્યાસ કરતી દીકરીઓએ પ્રેમલગ્ન કર્યા હતા. ત્યારબાદ કુટુંબની આવી મર્યાદા બંધાઈ ગઈ કે જો આગળ અભ્યાસ કરશે તો કુટુંબની શાન ને ઠેસ પહોંચશે.
3. કુમારની સરખામણીમાં કન્યાઓને શિક્ષણ માં  પ્રશ્નો વધુ ગંભીર છે.
4. ઉત્તરદાતાએ અધવચ્ચેથી છોડેલ અભ્યાસમાં કુલ ૪૦.૯૦ % ઉત્તરદાતાઓ ધોરણ ૧૧માં અભ્યાસ છોડેલો જોવા મળી આવે છે. જ્યારે કુલ ૫૪.૫૫ % ઉત્તરદાતાઓએ ધોરણ ૧૨માં અભ્યાસ છોડેલ છે. અને કુલ ૪.૫૫ % ઉત્તરદાતાઓએ કોલેજના સેમેસ્ટર ૧ પછી બીજા સેમેસ્ટરમાંથી અભ્યાસ છોડેલો જોવા મળી આવે છે.

- **સંદર્ભ સૂચિ**

(१) आहूजा राम - सामाजिक अनुसंधान -रावत पब्लिकेशन जयपुर 2004

(२) लवानिया एम. एम. एवम जैन शशी के सामाजिक अन्वेषण में सर्वेक्षण पद्धतियाँ - रिसर्च पब्लिकेशन- जयपुर

(3) ચંદ્રિકા રાવલ - જેન્ડર અને વિકાસ - પાર્શ્વ પબ્લિકેશન પ્રથમ આવૃત્તિ- ૨૦૧૨.

(4) કલ્પના શાહ - સ્ત્રીનો બદલતો દરજ્જો અને ભૂમિકા - યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત - ૨૦૧૨

(5) કલ્પના શાહ – સ્ત્રી શિક્ષણ: વિકાસ અને પડકાર - ૨૦03

(6) રમેશ મકવાણા - એકવીસમી સદીમાં મહિલાઓનું સ્થાન અને ભૂમિકા પબ્લિકેશન – ૨૦૧૩ - પાર્શ્વ

(7) કારકાણી ધર્મિષ્ઠા - ઉચ્ચ શિક્ષણની વિદ્યાર્થીઓમાં સામાજિક પરિવર્તન - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ – ગુજરાત યુનિ. અમદાવાદ – ૨૦૧૬

(૮) શાહ વિમળ પી. - "સંશોધન ડિઝાઇન"- યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય